પ્રાથમિક શિક્ષકોને ખાનગી ટ્યૂશન
કરવા ઉપર પ્રતિબંધ મુકવા અંગે.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ-૧૧૨૦૧૧-૧૪૯-ક,
સચિવાલય, ગાંધીનગર.
તા. / /૨૦૧૧
18 FEB 2011

વંચાણે લીધાઃ-

(૧) "ધી રાઇટ ઓફ ચિલ્ડ્રન ટુ ફ્રી એન્ડ કમ્પલસરી એજ્યુકેશન એક્ટ-૨૦૦૯" કલમ-૨૮ અને કલમ-૩૮

(૨) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંકઃ GH/SH/6 NO: પીઆરઇ/૧૨૦૧૦/ ૫/કે તા.૧/૪/૨૦૧૦

પ્રસ્તાવનાઃ-

ભારત સરકાર દ્વારા ૬ થી ૧૪ વર્ષના તમામ બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણ પ્રાપ્ત થાય તે માટે સંસદમાં "ધી રાઇટ ઓફ ચિલ્ડ્રન ટુ ફ્રી એન્ડ કમ્પલસરી એજ્યુકેશન એક્ટ-૨૦૦૯" પસાર કરીને તમામ બાળકોને મૂળભૂત બંધારણીય અધિકાર આપેલ છે. આ કાયદાની કલમ-૨૮માં નીચે મુજબ જોગવાઇ છે.

"કોઇપણ શિક્ષક ખાનગી ટયુશન અથવા ખાનગી શિક્ષણની પ્રવૃત્તિ કરી શકશે નહિ"

આ કલમની જોગવાઇઓનો અમલ કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી. સરકાર ધ્વારા પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

ઠ રા વઃ-

ભારત સરકાર દ્વારા આમુખ(૧) માં દર્શાવવામાં આવેલ "The Right of Childern to free and Complusory Education Act 2009" ની કલમ-૨૮ની જોગવાઇ મુજબ કોઇપણ શિક્ષક ખાનગી ટ્યૂશન અથવા ખાનગી શિક્ષણની પ્રવૃત્તિ કરવા ઉપર પ્રતિબંધ મૂકેલ છે. એટલે કે તમામ પ્રાથમિક શાળાના શિક્ષકો/આચાર્યો કોઇપણ પ્રકારનું ખાનગી ટ્યૂશન કે તેને લગતી કોઇપણ પ્રવૃત્તિ નાણાં લઇને અથવા નાણાં લીધા સિવાય પણ કરી શકશે નહિ.

જે શિક્ષકો/આચાર્યો આ જોગવાઇનું ઉલ્લંઘન કરતા માલુમ પડશે અથવા તે અંગે કોઇ રજૂઆત કે ફરીયાદ પ્રાપ્ત થશે અને તેમાં તથ્ય જણાશે તો તેમની સામે તેમને લાગુ પડતા શિસ્ત અને સેવાના નિયમોનુસાર શિસ્તભંગના પગલાં લેવામાં આવશે.

આ ઠરાવ તમામ પ્રાથમિક શાળાઓ એટલે કે સરકારી શાળા, જિલ્લા શિક્ષણ સમિતિ સંચાલિત, નગર શિક્ષણ સમિતિ સંચાલિત, અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળા, બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળા, સી.બી.એસ.સી કે. આઇ.સી.એસ.આઇ. અથવા અન્ય કોઇ પણ બોર્ડ સાથે સંકળાયેલ કોઇપણ માધ્યમની તમામ પ્રાથમિક શાળાઓ ને લાગુ પડશે. અને તેનો અમલ તમામ શિક્ષકો/આચાર્યો અને સંચાલકે કરવાનો રહેશે.

આ ઠરાવનો અમલ આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૧૧-૧૨ એટલે કે જુન ૨૦૧૧ થી શરૂ થતા નવા શૈક્ષણિક વર્ષથી કરવાનો રહેશે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(એસ.બી.ગરાસિયા)**
નાયબ સચિવ(પ્રાથમિક શિક્ષણ)
શિક્ષણ વિભાગ
ગુજરાત સરકાર.

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- તમામ માન.મંત્રીશ્રીઓ/રાજય કક્ષાના મંત્રીશ્રીઓ/માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- સચિવશ્રી,(પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના તમામ વિભાગો, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજના અને શાળાઓ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર, સર્વ શિક્ષા અભિયાન, સેકટર-૧૭, ગાંધીનગર.
- નિયામકશ્રી, નિરંતર શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી. ગાંધીનગર.
- નિયામકશ્રી, ગુજરાત રાજય પાઠય પુસ્તક મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- તમામ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ.
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, નગરપાલિકા અને નગર પંચાયત.

  } નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ મારફત

- એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુ.રા. ગાંધીનગર.
- માહિતી નિયામક, ગુજરાત રાજય, ગાંધીનગર તરફ રાજયના અગ્રણી દૈનિક અખબારોમાં પ્રસિધ્ધિ અર્થે.
- શિક્ષણ વિભાગના તમામ અધિકારીશ્રીઓ.
- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ.
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.(ઓન લાઇન મુકવા સારું)
- સિલેકટ ફાઇલ.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.